મિકીનું ચુંબક



ફ્રેન્કલીન એમ. બ્રેનલી અને એલેનોર
ચિત્ર: ક્રોકેટ જોહન્સન

મિકીનું ચુંબક

ફ્રેન્કલીન એમ. બ્રેનલી અને એલેનોર

ચિત્ર: ક્રોકેટ જોહન્સન

મિકી એક સચિત્ર પુસ્તક વાંચી રહ્યો હતો.

ત્યાં એની માઁ એ કહ્યું,

"મિકી, જરા મારે માટે પિનનો ડબ્બો

લઈ આવ."





મિકીએ એનું પુસ્તક છોડયું અને એ
પિનનો ડબ્બો લઈને આવ્યો. એ ડબ્બો
એની માઁ ને આપવા માટે દોડયો.

પણ બિચારા મિકીનો પગ ગાલિચામાં ભરાઈ ગયો અને એ પડી ગયો.

પિન ભોંય પર વેરાઈ ગઈ - થોડી ચિરાડોમાં, થોડી ગાલીચા પર, અને થોડી મોટી વાદળી ખુરશી પર વિખેરાઈ ગઈ.

આ તો મોટી ગરબડ થઈ!




મિકી પિનને ઉઠાવવા લાગ્યો. એક
પિન.

બે પિન. એક વારમાં ત્રણ પિન.

પણ કામ બહુ ધીમું થઈ રહ્યું હતું.

કદાચ ચમચીથી કંઈક મદદ મળે.

એક ચમચી ભરીને. બે ચમચી ભરીને.
પણ એનાથી પણ કામ જલ્દી થયું
નહીં.



"કદાચ ઘોડાની નાળવાળું ચુંબક મદદ કરશે."

મિકીએ ઉપર જોયું.

એના પિતાએ એને એક ભારે વસ્તુ પકડાવી.

કદાચ એનાથી મદદ મળશે?

પણ કેવી રીતે?

શું ચુંબક પિનને એક ઢગલા તરફ ધકેલી દેશે?

મિકી કોશિશ કરીને જોશે.



વાહ! બધી પિન, ચુંબકને છેડે ચોંટી ગઈ.

એને પિનને એક સાથે ભેગી કરવાની

અને ધકેલવાની જરૂર ન પડી.



"કામ થઈ ગયું!" મિકીએ એની માઁ ને કહ્યું.

એણે ચુંબકને હલાવ્યું.

થોડી પિન એની માઁ ના ખોળામાં પડી ગઈ.

બાકીની પિન ચુંબકમાં ચોંટેલી રહી.

એને એણે ખેંચીને કાઢવી પડી.

આ તો મજેદાર ખેલ છે!

જલ્દી એ રમતની થોડી વધારે મજા લેશે.



એણે ચુંબકને ગાલીચા પર રાખ્યો અને એને

રગડયો.

એ ચુંબકને ભોંયની ચિરાડો પાસે લઈ ગયો.

એણે ચુંબકને મોટી વાદળી ખુરશી પર ઘુમાવ્યું.

હવે એની પાસે બધી પિન આવી ગઈ.

એણે ડબ્બો ફરી ભરી દીધો.

એ પિનને ફરી નીચે પાડીને

પાછો એને ભેગી કરવા ચાહતો હતો.

પણ માઁ ને એ પિનની તાત્કાલિક જરૂર હતી.



મિકીએ માઁ ની સીવણ ટોપલી જોઈ.

એમાં ઘણી વસ્તુઓ ભરેલી હતી -

કાતર અને બટન,

સોય અને દોરા,

પ્લાસ્ટિકની દરજીકામ માટેની અંગૂઠી,

હૂકનું પેકેટ.

એણે ચુંબકને ટોપલીમાં ધકેલ્યું.

ચુંબકથી ખેંચાઈને કાતર, સોય અને હૂક ઉપર આવી ગયા.

પણ કોઈ બટન નહીં?

કોઈ દોરો નહીં? કોઈ અંગૂઠી નહીં?

એવું લાગ્યું જાણે ચુંબકને ધાતુની વસ્તુઓ જ ચોંટે છે.



એણે કાતર, સોય અને હૂક ઉઠાવ્યા.

પછી એણે અન્ય વસ્તુઓ ઉપાડવા માટે અહીં-તહીં જોયું.

એણે અન્ય વસ્તુઓ ઉપાડવાની પણ કોશિશ કરી.

એક ચીની-માટીની બનેલી બિલાડી,

એક નાનો કાંચનો કટોરો,

એક કાગળનો ટૂકડો,

અને એક લીસ્સો, ગોળ પથ્થર.

ચુંબકે એમાંથી કોઇ પણ વસ્તુને પકડી નહીં.

મિકીએ થોડી બીજી વસ્તુઓની તાપસ કરવી પડશે.





શું એને રસોડામાં કંઈ મળશે?

એક બાટલીનું વળી ગયેલું ઢાંકણું,

સફેદ સાબુનો એક ટૂકડો,

અને એક ચમકતો સિક્કો.

રસ્ટી કૂતરાના કટોરા પાસે પડેલું

રબરનું હાડકું?

મિકી નીચે બેઠો.

ચુંબકે બધું છોડી દીધું.

બાટલીનું ઢાંકણું નીચે પડી ગયું.

સિક્કો પણ પાણીમાં પડી ગયો!



કદાચ ચુંબક સિક્કાને બહાર કાઢી શકે.

ચુંબકથી બાટલીનું ઢાંકણું બહાર આવી ગયું.

પણ સિક્કો બહાર ન નીકળ્યો.

મિકીએ ઘણી કોશિશ કરી.

તો પણ સિક્કો બહાર ન નીકળ્યો.

એણે સિક્કાને એની આંગળીઓથી

જ બહાર કાઢવો પડશે.

ચુંબકે સિક્કાને એની હથેળીમાંથી પણ ન ઉઠાવ્યો.

ચુંબકે સિક્કો ન ઉઠાવ્યો, એ સૂકો હોય

કે ભીનો!

પણ શું સિક્કો ધાતુનો બનેલો ન હતો?

મિકી ને કંઇ સમજાયું નહીં.

પણ પિતાજીને ચોક્કસ ખબર હશે.

બંનેએ સાથે મળીને પ્રયાસ કર્યો

એક આઠ આના,

એક રૂપીયાનો સિક્કો,

એક એલ્યૂમિનિયમની કટોરી.



મિકીના પિતાએ કહ્યું, "ચુંબક કેવળ લોખંડ

અને સ્ટીલને જ આકર્ષિત કરે છે.


ચુંબક અન્ય ધાતુઓને ખેંચતું નથી."


મિકી ચુંબકથી લાકડાના ઘોડાને અડયો.

પણ કંઈ થયું નહીં.

સીસાથી બનેલા સૈનિકનું શું થશે?

એમાં તો કોઈ લોખંડ કે સ્ટીલ નથી!





એણે ભેગી કરેલી વસ્તુઓ સાથે રમવા


માટે એ બેસી ગયો.

સૌથી પહેલા એણે ચુંબકથી એક સોય ઉપાડી.

એ સોય સાથે એક પિન લટકતી હતી.

એનો અર્થ એ કે સોય પણ ચુંબક બની ગઇ

હશે!



મિકીએ સોયને ચુંબકથી ખેંચીને

અલગ કરી.

પિન તરત નીચે પડી ગઈ.

એણે સોયથી ફરી પિન ઉપાડવાની

કોશિશ કરી. પણ કંઈ થયું નહીં.

એનો અર્થ, હવે સોય ચુંબક નથી!



મિકીએ ફરીથી ચુંબક પર સોય ચોંટાડી અને

સોયથી એ પિનને અડયો.

સોયએ ફરી પિનને ઉપાડી.


"જુઓ," એણે એના પિતાજીને કહ્યું,

"ક્યારેક સોય પણ ચુંબક બની જાય છે."

"હા," પિતાજીએ કહ્યું, "અને જરા આ જો."

જયારે એના પિતા ઘોડાની નાળવાળા ચુંબક પર સોય ઘસવા લાગ્યા તો મિકીએ ગણતરી કરી.

પાંચ વાર...દસ વાર...વીસ વાર.




હવે ચુંબક પર ઘસેલી સોય, પિનને

પાછી ઉઠાવી શકી.

"એક ચુંબક!" મિકીએ ચીસ પાડી.

"હવે મારી સોય, એક પિનને ઉઠાવી શકે છે!

હવે હું પણ એવો એક ચુંબક બનાવીશ."





મિકીએ બીજી એક સોય લીધી.

એણે એને ચુંબક પર રગડી.

એણે સોયને ઘોડાની નાળવાળા ચુંબક

પર ઘણી વાર ઘસી.

એણે સોયને હંમેશા એક તરફ જ ઘસી.

પછી એ સોય એક ચુંબકનું કામ કરવા લાગી!



"જુઓ, મેં એક ચુંબક બનાવ્યું છે." એ દોડીને એની માઁ પાસે ગયો.

ઓહ-હ-હ-હ...! પિનનો ડબ્બો પાછો પડી ગયો.

બધી પિન પાછી ભોંય પર વેરાઇ ગઇ.



મિકીએ પિન ઉપાડવી શરુ કરી.

પણ આ વખતે એને માટે આ કામ સરળ હતું.

કારણકે એની પાસે એક ચુંબક હતું.

એક એવું ચુંબક જે મિકીએ પોતે બનાવ્યું હતું.





ચુંબક ઘણા પ્રકારના હોય છે.

મિકીએ ઘોડાની નાળવાળા ચુંબકથી પિન

ઉઠાવી.

શું તમે તમારા ચુંબકથી પિન ઉપાડી શકો છો?

મિકીએ જે કંઇ કર્યું, એ કરવા માટે તમે

કોઈ પણ ચુંબકનો ઉપયોગ કરી શકો છો.

તમે તમારા ચુંબક વિષે વધારે નવું શું

શોધી શકો છો?

જુઓ મિકી એના ચુંબકથી શું ઉઠાવી રહ્યો છે.

તમે પણ ચુંબક સાથે ઘણી મજા કરી શકો છો.

